©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] SATURDAY, 04th OCTOBER, 2025/ASHVINA 12, 1947 [No. 6526

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

બેચરાજી વિસ્તાર વિકાસ સત્તામંડળ

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૯૯ તથા
ગુજરાત નગર રચના નિયમોના નિયમ- ૫૦ મુજબ સત્તામંડળ વિસ્તારમાં વિકાસચાર્જ અન્વયે
જાહેરનામું પ્રસિધ્ધ કરવા બાબત.

અધિસુચન

નં. એડીએમ/બેચરાજી સત્તામંડળ/વશી/૬૫/૨૦૨૫.-બેચરાજી વિસ્તાર વિકાસ સત્તામંડળ પૈકીના બેચર-બેચરાજી પંચાયત વિસ્તારની વિકાસ યોજના તા.૧૧-૦૮-૨૦૨૧ ના રોજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૧૭ (૧) (૬) હેઠળ મંજુર થઈ અમલમાં આવેલ છે. સદરહુ વિકાસ યોજનામાં ઔદ્યોગિક, વાણીજ્ય, રહેણાક, એગ્રીકલ્ચર વિગેરે ઝોન સુચિત કરાવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ અને તે હેઠળ કરેલ નિયમોની જોગવાઈઓને આધિન રહીને સત્તામંડળ, રાજ્ય સરકારની પૂર્વ મંજુરીથી, રાજપત્રમાં જાહેરનામાં દ્વારા વિકાસ વિસ્તારમાંની જમીનો અને મકાનો ઉપરનો વિકાસ ચાર્જ, કલમ-૧૦૦ માં નિર્દિષ્ટ કરેલા વધુમાં વધુ દર થી વધુ નહી તેટલો પોતે નક્કી કરે તે દર વસુલ કરવાની જોગવાઈ છે. વિકાસ ચાર્જમાં જુદા જુદા દરો, વિકાસ વિસ્તારના જુદા જુદા ભાગો માટે અને જુદાજુદા ઉપયોગો માટે નિર્દિષ્ટ કરવાની જોગવાઈ છે.

આમ અધિનિયમ ૧૯૭૬ ની કલમ-૧૦૦ ની જોગવાઈ મુજબ બેચરાજી વિસ્તાર વિકાસ સત્તામંડળની બેચર-બેચરાજી વિસ્તારમાં સત્તામંડળની તા. ૩૦-૦૭-૨૦૨૫ ની દ્વિતીય બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક : ૮ થી નીચે જણાવેલ અનુસૂચિ મુજબ જુદા જુદા ઝોન વિસ્તાર તેમજ જુદાજુદા ઉપયોગો માટે વિકાસ ચાર્જ વસૂલ કરવા ઠરાવેલ છે.

હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૫૦ની જોગવાઈ અનુસાર બેચરાજી વિસ્તાર વિકાસ સત્તામંડળ આથી નોટીસ આપે છે કે, સરકારી રાજપત્રમાં વિકાસ ચાર્જના સુચિદરોની પ્રસિધ્ધિની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર તેના સબંધમાં કોઈ વ્યક્તિ પાસેથી મળે તેવા વાંધા તથા સુચનો સતામંડળ વિચારણામાં લેશે.

અનુસુચિ

બિનખેતી લે-આઉટ

(૧) રહેણાંક જમીન-૫ રૂપિયા પ્રતિ ચોરસ મીટર

(૨) વાણિજ્ય,ઓધોગિક અને અન્ય-૫ રૂપિયા પ્રતિ ચોરસ મીટર

બાંધકામ પરવાનગી

(૧) રહેણાંક બાંધકામ-૧૦ રૂપિયા પ્રતિ ચોરસ મીટર

(૨) વાણિજ્ય, ઓધોગિક અને અન્ય બાંધકામ-૨૫ રૂપિયા પ્રતિ ચોરસ મીટર

ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનિયમ હેઠળ જુદા જુદા ઉપયોગો માટેના સુચિત વિકાસ ચાર્જ દર્શાવતા જાહેરનામાની નકલ સત્તામંડળની મુખ્ય કચેરીમાં કચેરીના સમયે લોકોને જોવા માટે ખુલ્લી રાખેલ છે.

ક્રમાંક : ડીપી/ વિકાસ ચાર્જ/૬૪/૨૦૨૫

તારીખ : ૦૩-૧૦-૨૦૨૫

જશવંત કે. જેગોડા
મુખ્ય કારોબારી અધિકારી અને સભ્ય સચિવ
બેચરાજી વિસ્તાર વિકાસ સત્તામંડળ

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2025.10.06 17:18:55 IST